| | |
|---|---|
| | **એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ**<br>**નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.**<br>**First Semester Examination-2014** |
| | તારીખ : ૧૧-૦૯-૨૦૧૪    ધોરણ : ૧૧    સમય : ૩:૦૦ કલાક |
| | વાર : ગુરૂવાર    વિષય : જીવવિજ્ઞાન    ગુણ : ૧૦૦ |

**સુચનાઓ :-**

1. **દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી OMR Sheetમાં તેના નંબર સામે તે વિકલ્પ માટે કરો.**
2. **દરેક પ્રશ્નો 01 ગુણ છે.**
3. **આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે.**
4. **બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**

---

1. રિબોઝોમલ આર.એન.એ.નું સક્રિય પણે સંશ્લેષણ કોના દ્વારા કરાય છે ?
   (A) ન્યુક્લિઓપ્લાઝમ (B) ન્યુક્લિઅર ઓર્ગેનાઈઝર રીજન
   (C) ન્યુક્લિઅર મેમ્બ્રેન (D) ન્યુક્લિઅસ
2. સૌ પ્રથમ વખત કયા પ્રાણીઓમાં પેશી સ્તર સુધીનું આયોજન જોવા મળે છે ?
   (A) એકાઈનોડરમેટા (B) પોરીફેરા
   (C) એનેલીડા (D) સિલેન્ટ્રેટા
3. કયું અંગ રૂધિરને ગાળનાર તરીકે વર્તી સૂક્ષ્મજીવોનો નિકાલ કરે છે ?
   (A) યકૃત (B) સ્વાદુપિંડ
   (C) બરોળ (D) મૂત્રપિંડ
4. ડી.એન.એ.નું દ્વિગુણન કોષચક્રના કયા પેટા તબક્કા દરમ્યાન થાય છે ?
   (A) S તબક્કો (B) G1 તબક્કો
   (C) M તબક્કો (D) G2 તબક્કો
5. મ્યુકોરનો સમાવેશ કોનામાં કરાય છે ?
   (A) લીલ (B) ફૂગ
   (C) પ્રોટીસ્ટા (D) મોનેરા
6. ડી.એન.એ.ની રચના કરતી બે પોલીન્યુક્લિઓટાઈડ શૃંખલાઓ એક બીજા સાથે કયા બંધ વડે જોડાયેલી રહે છે ?
   (A) સલ્ફર બંધ (B) ફોસ્ફેટ બંધ
   (C) હાઈડ્રોજન બંધ (D) એસ્ટર બંધ
7. ડાંગરના ખેતરમાં જૈવિક ખાતર ઉત્પાદક તરીકે કોણ વર્તે છે ?
   (A) સાયેનોબેક્ટેરિયા (B) સ્પાયરોગાયરા
   (C) એનાબીના (D) નોસ્ટોક
8. નીચે આપેલા પૈકી સ્વપ્રતિકારકતા રોગ કયો છે ?
   (A) કેન્સર (B) મેલેરિયા
   (C) હિપેટાઈટીસ (D) સંધિવા
9. મજ્જીત ચેતાતંતુનું મજ્જાપડ કયા દ્રવ્યનું બનેલું હોય છે ?
   (A) લીપીડ (B) ગ્લાયકો-પ્રોટીન
   (C) પ્રોટીન (D) ડાયસેકેરાઈડ

10. યોગ્ય જોડ પસંદ કરો -
(A) હાઈબ્રીડાઈઝેશન - હની બી
(B) એક્સપ્લાન્ટ - સિલેક્ટેડ પ્લાન્ટ ઓર્ગન
(C) સેરિકલ્ચર - અર્થવોર્મ
(D) કલ્ટિવેશન - પોલ્ટ્રી

11. મેરૂદંડી પ્રાણીઓમાં હૃદયનું સ્થાન શરીરમાં કઈ તરફ હોય ?
(A) પાર્શ્વ બાજુએ
(B) પશ્વ બાજુએ
(C) વક્ષ બાજુએ
(D) પૃષ્ઠ બાજુએ

12. લસિકાકણ સહિતના બધા રૂધિર કોષોનું ઉત્પાદન ક્યાં થાય છે ?
(A) લસિકાગાંઠમાં
(B) બરોળમાં
(C) થાયમસમાં
(D) અસ્થિત મજ્જામાં

13. સંગ્રહિત વનસ્પતિના પરિરક્ષણ માટે કઈ પદ્ધતિ વપરાય છે ?
(A) ફયુમિગેશન
(B) દાબન
(C) શુષ્કન
(D) વિષાક્તન

14. પાણીનો કયો ગુણધર્મ ખૂબ મહત્વનો છે ?
(A) સ્વાદહીનતા
(B) ધ્રુવીય પ્રકૃતિ
(C) તરલતા
(D) રંગહિનતા

15. કોલોસ્ટ્રમમાં કયું એન્ટિબોડી પુષ્કળ પ્રમાણમાં હોય છે ?
(A) આઈ.જી. - ડી
(B) આઈ.જી. - એમ
(C) આઈ.જી. - એ
(D) આઈ.જી. - ઈ

16. કઈ વનસ્પતિઓમાં ગર્ભ ક્યારેય નિર્માણ પામતો નથી ?
(A) ત્રિઅંગી
(B) દ્વિઅંગી
(C) એકદળી
(D) લીલ

17. પ્રોટીનનો બંધારણીય એકમ કયો છે ?
(A) ફેટી એસિડ
(B) ન્યુક્લિઓટાઈડ
(C) એમિનો એસિડ
(D) મોનોસેકેરાઈડ

18. કઈ અંગિકા પટલરહિત છે ?
(A) કણાભસૂત્ર
(B) હરિતકણ
(C) ગોલ્ગી કાય
(D) રિબોઝોમ

19. STPsમાં કઈ પ્રક્રિયા દ્વારા ગોળાશ્મોની કાંકરીઓ દૂર કરવામાં આવે છે ?
(A) ઉકાળવું
(B) અવસાદન
(C) ગાળણ
(D) નિસ્યંદન

20. કયા પ્રાણીઓમાં કોટરો રૂધિરથી ભરેલાં રહે છે ?
(A) સંધિપાદ
(B) સછિદ્ર
(C) કોષ્ઠાંત્રિ
(D) નૂપુરક

21. ડી.એન.એ.ની રચનામાં રહેલ બે પોલી ન્યુક્લિઓટાઈડ શૃંખલાઓ એક બીજા માટે કેવી હોય છે ?
(A) સમાંતર
(B) પૂરક
(C) સમાન
(D) બિન સંકળાયેલ

22. મહાઅણુઓના જોડવાથી કોનું નિર્માણ થાય છે ?
(A) અંગિકાઓ (B) કોષ
(C) અંગ (D) પેશી

23. પ્લાઝમોડિયમના કિસ્સામાં ફલન કયાં થાય છે ?
(A) મનુષ્યની લાળમાં (B) મનુષ્યના રકતકણમાં
(C) મનુષ્યના શ્વેતકણમાં (D) મચ્છરના અન્નમાર્ગમાં

24. મહુડાનું વૈજ્ઞાનિક નામ પસંદ કરો ?
(A) લેન્ટાના કેમેરા (B) ઓરાઈઝા સટાઈવા
(C) મધુકા ઈન્ડીકા (D) મોરસ આલ્બા

25. કયું વિટામિન ચરબીમાં દ્રાવ્ય છે ?
(A) B12 (B) A
(C) C (D) D

26. લીલની કોષદિવાલનો મુખ્ય બંધારણીય ઘટક કયો છે ?
(A) સેલ્યુલોઝ (B) પેક્ટિન
(C) ક્યુટિકલ (D) સ્યુબેરિન

27. કેલસ સંવર્ધનમાં કોની અસરથી મૂળનું નિર્માણ પ્રેરકાય છે ?
(A) ગ્લુકોઝ (B) ઉત્સેચકો
(C) સાયટોકાયનીન (D) ઑક્ઝિન

28. કયું રૂધિર-નત્રલ રોગ પ્રતિરક્ષા બક્ષે છે ?
(A) ફાઈબ્રીન (B) હિપેરીન
(C) ઈમ્યુનોગ્લોબ્યુલીન (D) આલ્બ્યુમીન

29. સમગ્ર વિશ્વના વનસ્પતિ ઉદ્યાનો શામાં નોંધાયેલા છે ?
(A) IABG (B) ICBN
(C) IABN (D) ICZN

30. ઘા પર રૂઝ આવી મટવા માટે કયું ખનિજ તત્વ ઉપયોગી છે ?
(A) Ca (B) Fe
(C) Zn (D) Mg

31. લીલના કોષોમાં ખોરાકનો સંચય કયા દ્રવ્યના સ્વરૂપે થાય છે ?
(A) માલ્ટોઝ (B) સુક્રોઝ
(C) ગ્લાયકોજન (D) સ્ટાર્ચ

32. "મુખગુહામાં રહેલી લાળ"એ કયા પ્રકારનો અંતરાય છે ?
(A) કોષરસીય (B) દેહધાર્મિક
(C) જીવરસીય (D) ભૌતિક

33. વાનસ્પતિજન્ય (કૃષિ) બાયોટેકનોલોજી માટે મુખ્ય પદ્ધતિ કઈ છે ?
(A) પેશી સંવર્ધન (B) વનસ્પતિ સંકરણ
(C) વિકૃતિ (D) અંતઃસ્ત્રાવ સારવાર

34. કેટલાં પ્રકારના RNA જાણીતા છે ?
(A) 4 (B) 2
(C) 1 (D) 3

35. બંધ પ્રકારનું રૂધિરાભિસરણતંત્ર એટલે -
(A) સાચી શરીરગુહામાંથી રૂધિરનું પરિભ્રમણ
(B) રૂધિરગુહાની હાજરી હોવી
(C) બંધ રૂધિરવાહિનીઓમાં થઈને રૂધિરનું વહન થવું
(D) વાયુકોષમાં રૂધિરની હાજરી હોવી

36. અર્ધિકરણને પરિણામે એક કોષમાંથી કુલ કેટલાં નવા કોષો નિર્માણ થાય ?
(A) 8 (B) 4
(C) 2 (D) 1

37. સૂક્ષ્મનલિકાઓ કયા દ્રવ્યની બનેલી હોય છે ?
(A) ટયુબ્યુલીન (B) કાઈટિન
(C) ક્યુટિકલ (D) પેક્ટિન

38. ટોડ્ડી પીણું કોના રસમાંથી બનાવવામાં આવે છે ?
(A) ચોખા (B) પામ
(C) મહુડો (D) વાંસ

39. એક સામાન્ય વસવાટમાં જીવન ગાળતા સજીવો ભેગા મળી કોની રચના કરે છે ?
(A) કૂળ (B) દ્રશ્યભૂમિ
(C) જૈવ સમાજ (D) નિવસનતંત્ર

40. કફ સીરપમાં કોનો ઉપયોગ કરાય છે ?
(A) હસીસ (B) કોકેઈન
(C) હેરોઈન (D) કોડીન

41. નીચે આપેલા પૈકી ટ્રાયોઝ શર્કરા કઈ છે ?
(A) ગ્લિસરોલ (B) ગેલેકટોઝ
(C) ગ્લિસરાલ્ડિહાઈડ (D) ગ્લુકોઝ

42. નાનામાં નાના કદની અનાવૃતબીજધારી વનસ્પતિ કઈ છે ?
(A) ઝામિયા (B) પાઈનસ
(C) સાયકસ (D) થુજા

43. સાચું યુગ્મ પસંદ કરો -
(A) મધ: - જઠર ગ્રંથી (B) ડ્રોન : માત્ર પ્રજનનક્રિયા
(C) પોમ્ફ્રેટ : મીઠું પાણી (D) રોહુ : ખાદ્ય દરિયાઈ

44. કોનામાં કશા હોય છે ?
(A) રહાઈઝોબિયમ (B) પેરામિશિયમ
(C) પ્લાઝમોડિયમ (D) યુગ્લિના

45. વાળ, શિંગડા, નહોર તથા પિંછામાં કયું પ્રોટીન આવેલું હોય છે ?
(A) ક્રિએટિન (B) કેરોટિન
(C) કેરાટિન (D) કેસિન

46. કઈ પેશીના અનિયમિત / અનિયંત્રિત વૃદ્ધિ થવાથી સારકોમા પ્રકારનું કેન્સર થાય ?
(A) મધ્યગર્ભસ્તરીય (B) અસ્થિ
(C) અધિસ્તરીય (D) રૂધિર

47. ફોસ્ફરસ કોનામાં ગેરહાજર હોય ?
(A) NAD
(B) RNA પોલીમરેઝ
(C) RNA
(D) FAD

48. "કામદાર મધમાખીઓ" એટલે -
(A) ફળદ્રૂપ નર
(B) વંધ્ય નર
(C) ફળદ્રૂપ માદા
(D) વંધ્ય માદા

49. કઈ અંગિકા માત્ર પ્રાણી કોષોમાં જ હાજર હોય છે ?
(A) સેન્ટ્રિઓલ
(B) રિબોઝમ
(C) હરિતકણ
(D) લાયસોઝોમ

50. બે ક્રમિક એમિનો-એસિડ એકબીજા સાથે કયા બંધ વડે જોડાયેલાં રહે છે ?
(A) ડાય-સલ્ફાઈડ બંધ
(B) પેપ્ટાઈડ બંધ
(C) હાઈડ્રોજન બંધ
(D) આયનિક બંધ

51. કોનામાં લોહતત્વ ગેરહાજર હોય છે ?
(A) સાયટોક્રોમ
(B) માયોગ્લોબીન
(C) ક્લોરોફિલ
(D) હિમોગ્લોબીન

52. બ્રેડ બનાવવા માટે કયો સૂક્ષ્મજીવ ઉપયોગી છે ?
(A) લેકટો-બેસિલસ
(B) મ્યુકોર
(C) એસ્પરજીલસ
(D) યીસ્ટ

53. "ઈન્દ્રોડા પાર્ક" કયાં આવેલ છે ?
(A) ગાંધીનગર
(B) ભૂજ
(C) જૂનાગઢ
(D) સાસણ ગીર

54. કોષરસમાં કેટલાં પ્રકારના t-RNA હોય છે ?
(A) 03
(B) 64
(C) 04
(D) 61

55. "સંપૂર્ણ પાચનમાર્ગ" એટલે શું ?
(A) માત્ર મુખ હાજર હોય તે
(B) માર્ગ બંને છેડે ખૂલે તે
(C) માત્ર મળદ્વાર હોય તે
(D) એક દ્વાર બે રીતે કાર્ય કરે તે

56. ટૂંકી શૃંખલાવાળો, અસંતૃપ્ત ફેટી એસિડ કયો છે ?
(A) સ્ટિઅરિક એસિડ
(B) ઓલિક એસિડ
(C) ક્રોટોનિક એસિડ
(D) બ્યુટિરિક એસિડ

57. સૌથી મોટું પુષ્પ ધરાવતી વનસ્પતિ કઈ ?
(A) રેફલેસીઆ
(B) સિક્વોયા
(C) રહાઈના
(D) સ્ટ્રિગ્યુલા

58. રૂધિરના કેન્સરનું બીજું નામ શું ?
(A) લિમ્ફોમા
(B) સારોકામ
(C) કાર્સિનોમા
(D) લ્યુકેમિયા

59. કણાભસૂત્ર કઈ ક્રિયા થવા માટેનું સ્થાન છે ?
(A) ફોટોલાયસિસ (B) ક્રેબ્સ ચક્ર
(C) ગ્લાયકોલાયસિસ (D) કેલ્વિન ચક્ર

60. વ્યતિકરણ ક્યાંથી થાય છે ?
(A) સેન્ટ્રિઓલ સ્થાનેથી (B) સેન્ટ્રોમિયરના સ્થાનેથી
(C) સ્વસ્તિક સ્થાનેથી (D) સેટેલાઈટ સ્થાનેથી

61. ફ્રુકટોઝ શું છે ?
(A) આલ્ડો પેન્ટોઝ (B) કિટો-પેન્ટોઝ
(C) આલ્ડી હેકઝોઝ (D) કિટો-હેકઝોઝ

62. સાચી શરીરગુહા કયા પ્રાણીમાં જોવા મળે છે ?
(A) જળો (B) પટ્ટીકિડો
(C) કરમિયું (D) જળવ્યાળ

63. કેનાબીસ ઈન્ડિકામાંથી શું મેળવાય છે ?
(A) ઓપિયમ (B) નિકોટિન
(C) ગાંજો (D) કેડીન

64. વિવિધતામાં ક્રમિક વધારો થતાં જતાં, સમય જતાં શાનો ઉદ્ભવ થાય છે ?
(A) નવો સજીવ (B) નવી જાતિ
(C) નવી પ્રજાતિ (D) નવું નિવનસતંત્ર

65. કણાભસૂત્રની અંદર તરફ ફેલાયેલાં પ્રવર્ધોને શું કહે છે ?
(A) ક્રિસ્ટિ (અભેરાઈ) (B) સિસ્ટર્ની (ચપટી-બેગ)
(C) વેસિકલ (કોથળી ગોળ) (D) રસધાની

66. ન્યુક્લિક એસિડનો બંધારણીય એકમ કયો ?
(A) નાઈટ્રોજન બેઈઝ (B) ન્યુક્લિઓટાઈડ
(C) પેન્ટોઝ શર્કરા (D) ફોસ્ફોરીક એસિડ

67. મ્યુઝિયોલોજીનું શિક્ષણ કયાં મળી શકે છે ?
(A) જબલપુર (B) પૂના
(C) વડોદરા (D) મુંબઈ

68. પ્રાણીકોષોમાં સંચિત ખોરાક તરીકે કયા પોલીસેકેરાઈડનું નિર્માણ થાય છે.
(A) પેક્ટિન (B) કાઈટિન
(C) સેલ્યુલોઝ (D) ગ્લાયકોજન

69. નીચેના પૈકી કયું અંગ હૃદયની નજીક તથા ઉરોસ્થિની નીચે તરફ આવેલું હોય છે.
(A) થાયમસ (B) ટોન્સીલ
(C) અડીનોઈડસ (D) બરોળ

70. કઈ અંગિકા કોષાંતરિય પાચન સાથે સંકાળયેલી છે ?
(A) પેરોક્સિઝોમ (B) રિબોઝોમ
(C) મેસોઝોમ (D) લાયસોઝોમ

71. કયા સજીવ અતિશય ક્ષારમુક્ત વસવાટમાં રહી શકે છે ?
(A) દ્વિઅંગી (B) મરુવનસ્પતિ
(C) હેલોફિલસ (D) જલજ વનસ્પતિ

72. LAB દ્વારા કયા વિટામિનની ગુણવત્તા વધે છે ?
(A) C (B) B2
(C) A (D) B12

73. કયું ખનીજતત્વ અસ્થિ વૃદ્ધિ તથા પ્રજનન માટે ખૂબ મહત્વનું આવશ્યક છે ?
(A) કોપર (B) મેંગેનિઝ
(C) ઝીંક (D) મેગ્નેશિયમ

74. મૃદુકાય પ્રાણીઓમાં જોવા મળતી ગુહાનું નામ શું ?
(A) પ્રાવરગુહા (B) કૂટદેહકોષ્ઠ
(C) કોષ્ઠાંત્ર (D) છિદ્રિષ્ઠગુહા

75. કઈ અંતઃસ્ત્રાવી ગ્રંથીઓમાંથી પેપ્ટાઈડ અંતઃસ્ત્રાવો સ્ત્રવે છે ?
(A) એડ્રિનલ (B) પિટ્યુટરી, સ્વાદુપિંડ
(C) શુક્રપિંડો (D) અંડપિંડો

76. મૃદુકાય પ્રાણીઓના મુખમાં એવી કઈ રચના આવેલી છે કે જે - ખોરાકને દળવામાં મદદ કરે છે ?
(A) રેત્રિકા (B) આસ્યક
(C) દાંત (D) અંકુશ

77. સમવિભાજન કયા કોષોમાં થાય છે ?
(A) અંડકોષ (B) માનવ રક્તકણ
(C) દૈહિક કોષ (D) લઘુબીજાણું માતૃકોષ

78. ડી.એન.એ.માં કઈ નાઈટ્રોજન બેઈઝ ગેરહજાર હોય છે ?
(A) ગ્વાનીન (B) થાયમીન
(C) સાયટોસીન (D) યુરાસીલ

79. હર્બેરિયમ પત્ર (પેપર)નો ઉપયોગ શાના માટે કરાય છે ?
(A) લખાણ કરવા માટે (B) આરોપણ માટે
(C) દાબન માટે (D) શુષ્કન માટે

80. કાઈટીન કોની કોષદિવાલમાં આવેલું હોય છે ?
(A) બૅક્ટેરિયા (B) પ્રજીવ
(C) ફૂગ (D) લીલ

81. બારમાસીનું વૈજ્ઞાનિક નામ કયું છે ?
(A) ઝીઆ મેઈઝ (B) કેથેરેન્થમ રોઝિયસ
(C) અસ્પરજીલસ નાઈજર (D) લેન્ટાના કેમેરા

82. ઉદ્યોગમાં કયા સૂક્ષ્મજીવના ઉપયોગ વડે એમાયલેઝનું ઉત્પાદન કરાય છે ?
(A) બૅક્ટેરિયા (B) વાઈરસ
(C) લીલ (D) ફૂગ

83. નીચે આપેલાં પૈકી સાચી માછલી કઈ ?
(A) ડાંગ ફીશ (B) સિલ્વર ફીશ
(C) વ્હેલ (D) જેલીફીશ

84. મુખ્ય ભક્ષક કોષો તરીકે કોણ વર્તે છે ?
(A) માસ્ટર કોષો (B) કોન્ડ્રીઓ બ્લાસ્ટ
(C) મેક્રોફેજ (D) થ્રોમ્બોસાઈટસ

85. કયા સ્થાને ગ્લાયકો-પ્રોટીનનું સંશ્લેષણ થાય છે ?
(A) ગોલ્ગીકાય (B) લાયસોઝોમ
(C) રિબોઝોમ (D) ન્યુક્લિઅસ

86. કોનું નિયંત્રણ કરવા માટે બાયોનિમેટીસાઈડ્ઝ વપરાય છે ?
(A) શેવાળ (B) સુત્રકૃમિઓ
(C) વાઈરસ (D) કિટકો

87. લક્ષણોના રહસ્યમય સંકેતો રૂપ ભાષા કયા દ્રવિમાં હોય છે ?
(A) સેન્ટ્રોમિયર (B) ઉત્સેચક
(C) અંતઃસ્રાવ (D) જનીન

88. વ્યતિકરણ ક્યારે થાય છે ?
(A) ડિપ્લોટીની (B) લેપ્ટોટીની
(C) પેકીટીની (D) ઝાયયોટીન

89. યુગ્લિનાનો સમાવેશ કોનામાં થાય છે ?
(A) પ્રજીવ (B) મોનેરા
(C) લાઈકેન (D) થેલોફાયટા

90. ભ્રૂણ-સંવર્ધનનો મુખ્ય હેતુ કયો છે ?
(A) ઈચ્છિત જીવસત્વનું અલગીકરણ કરવા માટે
(B) જનીન પરિવર્તિત વનસ્પતિઓ ઉત્પાદિત કરવા માટે
(C) આલ્કેલોઈડના ઉત્પાદન માટે
(D) સુષુપ્ત બીજમાંથી બાળ છોડ વિકાસ કરાવવા માટે

91. ફોસ્ટેરિક એસિડનું સૂત્ર કયું છે ?
(A) $H_2PO_5$ (B) $H_3PO_4$
(C) $H_3P_2O_8$ (D) $H_4P_2O_8$

92. કૂટ દેહકોષ્ઠ કયા પ્રાણીમાં હાજર હોય છે ?
(A) અળસિયું (B) જળો
(C) કરમિયું (D) જળવ્યાળ

93. વૃદ્ધિની ઘટના દરમ્યાન, કુલ કોષોની સંખ્યા -
(A) ઘટે છે. (B) વધે છે.
(C) બદલાતી નથી. (D) વધે ઘે ઘટે છે.

94. "ઓર્કિડ"ના ઉછેર માટે સંવર્ધન પદ્ધતિ ઉપયોગી છે ?
(A) ભ્રૂણ સંવર્ધન (B) બીજ સંવર્ધન
(C) કેલસ સંવર્ધન (D) મીણ સંવર્ધન

95. કોષચક્રનો સૌથી ટૂંકો પેટા તબક્કો કયો છે ?
(A) $S$
(B) $G_1$
(C) $G_2$
(D) $M$

96. ઓપિયમ પોપીના કયા ભાંગમાંથી "ત્રંગ" મેળવાય છે ?
(A) અવિકસિત પુષ્પોમાંથી
(B) શુષ્ક મૂળ
(C) પર્ણોમાંથી
(D) શુષ્ક બીજ

97. ફલોકસ કઈ પ્રક્રિયા દરમ્યાન ઉદ્‌ભવે છે ?
(A) કેલસ સંવર્ધન
(B) સિવેઝ ટ્રિટમેન્ટ
(C) વાઈનના ઉત્પાદન
(D) બાયોગ્મ ઉત્પાદન

98. ડુંગળીનું વૈજ્ઞાનિક નામ કયું છે ?
(A) હેલિએન્થસ અનુઅસ
(B) હિબીસકસ રોઝા-સાઈનેન્સીસ
(C) એલિયમ - સેપા
(D) વિન્કા રોઝીઆ

99. "કેલસ"ની જાળવણી ક્યાં કરવામાં આવે છે ?
(A) મીણ-મધની જેલ પર
(B) પોષક માધ્યમમાં
(C) અગરોઝ જેલ પર
(D) અગર-અગર જેલીર પર

100. ટાઈફોઈડના નિદાન માટે કઈ કસોટી મહત્વની છે ?
(A) વિડાલ કસોટી
(B) પેપસ્મિયર ટેસ્ટ
(C) W.B.કસોટી
(D) એલિઝા ટેસ્ટ

• • •